

'ભ્રષ્ટાચારનો વિરોધ કરતા અન્નાને સાથ આપવા હું ઘરે બેસીને પ્રતીક ઉપવાસ કરવાનો છું' એવું કહીને હું રક્ષાબંધને ઘરવાળીના ભાઈથી બચી ગયો...!





સૅક્ટર-૭ ખાતે કાર્યરત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં અભ્યાસ કરતી અને યંગ રેડક્રોસ સાથે સંકળાયેલી વિદ્યાર્થીનીઓએ પોતાની સામાજિક જવાબદારીના ભાગરૂપે વૃધ્ધાશ્રમ, સ્પેશિયલ બાળકોની નિવાસી શાળા તથા એચઆઈવી સ્પેશિયલ હોમની મુલાકાત લઈને વડીલો તથા બાળકોને રક્ષાબંધન કરી તેમની રક્ષા તેમજ કુશળતા માટે પ્રાર્થના કરી હતી.

# મૂર્તિ પૂજા કરતાં લીંગ પૂજાને શ્રેષ્ઠ માનવામાં આવે છે



પૂ. ગુરૂમાંએ શિવજીના સગુણ અને નિર્ગુણ સ્વરૂપનું વિગતવાર વર્ણન અગાઉના શ્લોકમાં કરવામાં આવેલ છે. તેનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે નિર્ગુણ સ્વરૂપ જ્ઞાની વ્યક્તિઓ માટે છે. જ્યારે સગુણ સ્વરૂપ જે પરમ ભક્ત છે અને જે સમગ્ર વિશ્વમાં શિવ સ્વરૂપનું દર્શન કરે છે તેને માટે છે. પરંતુ આવું કરવું દરેક માટે શક્ય નથી. જે મંદ મધ્યમ અધિકારી છે અને જેને ઈશ્વરમાં શ્રધ્ધા છે તે ઈશ્વરની પૂજા કરવા ઈચ્છા રાખતો હોય છે. આવી વ્યક્તિ પોતાની શ્રધ્ધાના આધારે ઈશ્વરનું પૂજન અને ભક્તિ કરી શકે તે અર્થે લીંગ કે મૂર્તિ સ્વરૂપે શિવજીને દર્શાવવામાં આવે છે. આ શ્લોકમાં શિવજીના શિવલિંગના પ્રાગટયની તથા જે પુરાણોમાં વર્ણવેલ છે તેનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. આ અંગેની પુરાણોમાં આપેલી કથા નીચે મુજબ છે. વયોવૃદ્ધ છું અને સમગ્ર સૃષ્ટિની રચના મેં કરી છે. માટે હું મોટો. જ્યારે વિષ્ણુ કહે કે તમે તો મારી નાભિમાંથી ઉત્પન્ન થયો છો અને તમને વેદોનું જ્ઞાન મે આપેલ છે તેથી હું મોટો. બંનેમાંથી કોઈ બીજાને મોટા તરીકે સ્વીકારવા તૈયાર ન હતા. અને વાત છેવટે યુદ્ધ સુધી પહોંચી. બ્રહ્માજીએ બ્રહ્માસ્ત્ર અને વિષ્ણુએ સામે ચક્ર છોડ્યું અને સમગ્ર બ્રહ્માંડનો વિનાશ થઈ જાય તેવી ઘડી આવી પહોંચી. સમસ્ત દેવગણ અને ઋષિઓએ શિવજીને પ્રાર્થના કરી કે આપ જ જગતને વિનાશમાંથી બચાવી શકો તેમ છો. તથા બ્રહ્મા અને વિષ્ણુ આપનું માનશે. શિવજીએ વિચાર્યું કે બંને યુદ્ધ સુધી પહોંચી ગયા છે ત્યારે તેમની માનસિક સ્થિતિ કોઈ બોધ સ્વીકારવા તૈયાર નહીં હોય. આથી તેઓ બ્રહ્માસ્ત્ર અને ચક્રની વચ્ચે એક મોટા અગ્નિસ્તંભ રૂપે પ્રગટ થયા. આ અગ્નિસ્તંભ એટલો પ્રકાશિત હતો કે જેનો પ્રકાશ સમગ્ર વિશ્વમાં ફેલાયો અને તેમાં બ્રહ્માસ્ત્ર અને ચક્ર બંને ભસ્મ થઈ ગયા. આનાથી બ્રહ્મા અને વિષ્ણુ બંનેને ખૂબ જ આશ્ચર્ય થયું તે મહાન. બ્રહ્માજી હંસનું રૂપ ધારણ કરી અગ્નિસ્તંભની ઉપરની દિશાએ જાય છે. અને વિષ્ણુ વરાહરૂપ ધારણ કરી નીચેની તરફ જાય છે. આવી રીતે એક વર્ષ સુધી મથવા છતાં તેઓ અગ્નિસ્તંભનો પાર પામી શકતા નથી. અને બંને થાકી જાય છે. આ સમયે બ્રહ્માજીએ છળકપટ કરીને કામધેનુ અને કેતકીને એવું પુરવાની રહેશે. બ્રહ્માજીએ વિષ્ણુને આ મુજબ કહ્યું અને કામધેનુ અને કેતકીએ સાક્ષી પૂરી. તેથી વિષ્ણુએ સ્વીકારી લીધું કે બ્રહ્માજી જીતી ગયા. પરંતુ શિવજી બ્રહ્માજીના છળકપટથી ખૂબ ગુસ્સે થયા અને રૂદ્ર અવતાર ધારણ કરી બ્રહ્માજીના પાંચમાં મસ્તકનો વધ કર્યો. શિવજીની આ અમોઘ તાકાતથી બ્રહ્મા અને વિષ્ણુ બંને સમજી ગયા કે અમારા બંને કરતાં શિવજી વધુ શક્તિશાળી છે. બંને શિવજીની પૂજા કરે છે અને શિવજીએ બંનેને પંચાક્ષર મંત્રનો ઉપદેશ આપ્યો. આ પંચાક્ષર જ અંતે ઓમમાં વિલીન થાય છે.

શિવજીના લીંગ સ્વરૂપે પ્રાગટ્યની આ બાબત પુરાણોમાં વર્ણવેલી છે અને જે દિવસે શિવજી અગ્નિસ્તંભ સ્વરૂપે બ્રહ્મા અને વિષ્ણુ સમક્ષ સાકાર રૂપે પ્રગટ થયા તે દિવસ શિવરાત્રી કહેવાય છે. અને આ ભૂલોકને લીંગ ક્ષેત્ર કહેવામાં આવે છે. શિવજીએ અગ્નિસ્તંભ રૂપે ખૂબ વિરાટ સ્વરૂપ ધારણ કર્યું હતું. પરંતુ સામાન્ય વ્યક્તિ આવું વિરાટ સ્વરૂપ સમજી ન શક અને તેની પૂજા થઈ ન શકે તેથી દરેક વ્યક્તિ શિવજીને લીંગ સ્વરૂપે પૂજા કરી શકે તે અર્થે શિવજી નાનું લીંગ સ્વરૂપ ધારણ કર્યું. જેની પૂજા આજે પણ બધા કરે છે. મૂર્તિ પૂજા કરતાં લીંગ પૂજાને શ્રેષ્ઠ માનવામાં આવે છે. મહાન સ્વરૂપ ધારણ કરી શકે છે. ઈશ્વર જીવને તેના પ્રયત્નોથી મળતો નથી. પરંતુ ભગવદ્કૃપાથી જ અભિમાન કરવું ન જોઈએ. આ ઉપરાંત હું જ કાંઈ કરૂં છું તે પ્રભિએ આપેલી શક્તિથી અને તેણે આ જગતમાં સર્જેલી વસ્તુઓની સહાયથી કરું છું. તેથી જે કાંઈ થાય તે મારાથી થયું તેવું વિચારવાને બદલે ભવદ્કૃપાથી થાય છે તેમ સ્વીકારવાનું છે. વળી ભગવાન ભક્તિ અને શ્રદ્ધાની અપેક્ષા રાખે છે. તેના વિના હું પ્રભુને ગમે તે અર્પણ કરું તેનો કોઈ અર્થ નથી. પ્રભુને અર્પણ કરેલા બત્રીસ પકવાન કરતાં પ્રેમથી આપેલ તુલસીદળનું મહત્વ વધારે છે. જ્યારે પ્રાર્થના શ્રદ્ધા અને ભક્તિથી યુક્ત હોય ત્યારે જ તેના સ્વીકાર શિવજી કરે છે. આથી પ્રાર્થનામાં ભક્તિભાવ પૂર્વક મગ્ન થવું જોઈએ.

## મહર્ષિઅત્રિમાધ્યમિક શાળાનુંગૌરવ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાની અન્ડર-૧૯ની કેરમ સ્પર્ધા તાજેતરમાં સ્કૂલ ઓફ એચિવર કુડાસણ મુકામે યોજાઈ હતી. જેમાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા પીંપળજના ખેલાડીઓએ ઉત્કૃષ્ઠ દેખાવ કરી પ્રથમ તથા બીજો નંબર મેળવી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે.

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા, પીંપળજના સાહિલ સુતરીયાએ ગાંધીનગર જિલ્લા કક્ષાની અન્ડર-૧૯ની કેરમ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવ્યો હતો. અને કિશન ડાભીએ દ્વિતીય નંબર મેળવ્યો હતો. જિલ્લામાં વિજેતા બનેલા ઉભય ખેલાડીઓ આગામી સમયમાં રાજ્યકક્ષાની સ્પર્ધામાં રમવા જશે. શાળાના આ ખેલાડીઓને ટ્રસ્ટી ભરતભાઈ ઠુમર, હર્ષદભાઈ પટેલ અને આચાર્ય ભરતસિંહ રાઠોડે અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી છે.

## આદર્શ નિવાસી શાળા નાંદોલ કબડ્ડી વિજેતા

નાંદોલ, તા. ૩૧

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારી દ્વારા ચાલુ વર્ષે યોજાયેલ ૧૭ વર્ષથી નીચેનાની દહેગામ ઉત્તર વિભાગની કબડ્ડી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સ્પર્ધામાં આદર્શનિવાસી શાળા વિકસતી જાતિ નાંદોલની ટીમે સુંદર દેખાવ કરી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. જે મહુડી ખાતે યોજાનાર જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. આચાર્ય બી.એસ. બારૈયાએ અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રેરણા વિદ્યાલય ખેલકૂદમાં પ્રથમ

ગાંધીનગર, તા. ૩૧

પ્રેરણા વિદ્યાલયના ખેલાડીઓ એથ્લેટીંકની વિવિધ રમતોમાં વિજેતા થયેલ છે. શાળા દ્વારા ૬ વિદ્યાર્થીઓ આ પ્રમાણે છે. ૮૦૦મીટર દોડ કલઝરીયા સાગર, ૧૫૦૦ મીટર દોડ ચાવડા દિગ્વિજય, ૨૦૦મીટર દોડ ચાવડા મિત્તલ. ૫૦૦૦ મીટર દોડ ઉનેવાળ કુલદીપ અને ૩૮૦૦ મીટર દોડ પરમાર જીગરનો સમાવેશ થાય છે. વિજેતાઓને આચાર્યા સ્વાતિબા રાઓલે અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગરના તેજસ્વી તારલાઓ અને વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરેલા યુવાનોનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

જન ચેતના મંચ, ન્યુ દિલ્હી એકમના મહામંત્રી ભરતસિંહ ચૌધરી, સમય ફાઉન્ડેશનના પ્રમુખ રાજુ પરમાર, લોક જાગૃતિ ફાઉન્ડેશનનાં પ્રમુખ રમેશ વાણીયા, ડૉ. બાબાસાહેબ આંબેડકર સમિતિના મહામંત્રી વિઠ્ઠલભાઈ પરમાર તેમજ નાની દશકોશી વણકર સમાજના ઉપપ્રમુખ દશરથલાલ પરમારના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં ગાંધીનગરના તેજસ્વી તારલાઓ અને વર્ષ-૨૦૧૧-૧૨માં લેવાયેલી પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા તેમજ આઈ.એ.એસ., આઈ.પી.એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પારિતોષિક તેમજ સન્માનપત્ર વિતરણ કરવાનો કાર્યક્રમ ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાયો હતો.

સમાજના તેજસ્વી તારલાઓને તથા આઈ.એ.એસ., આઈ.પી.એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા અનુસૂચિત જાતિના યુવકોને સન્માનવાના તથા પારિતોષિક વિતરણ કરવાના કાર્યક્રમમાં ભારતીય દલિત પેન્થરના અધ્યક્ષ ડૉ. રમેશચંદ્ર પરમાર, પ.પૂ. રમણમાડી, આઈ.પી.એસ. ડૉ. રાજન પ્રિયદર્શી, એ.એમ. ચૌહાણ, એમ.કે. પરમાર, ડી.સી. પરમાર, દિગંત જોષી, ડૉ. સંજય શાહ, બાલકૃષ્ણ આનંદ, નટુભાઈ સોલંકી અને ડૉ. સંજય શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઉદ્‌ઘોષક તરીકે રમણ રોઠોડે તથા આભારવિધિ ડી.એમ. પરમારે કરી હતી.

# આર.એસ.પટેલ ઈંગ્લિશ મિડિયમ બી.એડ. કોલેજમાં શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૩૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનિવર્સિટી સંલગ્ન આર.એસ. પટેલ ઈંગ્લિશ મિડિયમ બી.એડ. કોલેજમાં તાજેતરમાં તાલીમાર્થીઓ માટે શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના ૨૬ પ્રશિક્ષણાર્થીઓએ ભાગ લઈ સમગ્ર સ્પર્ધાને રોચક બનાવી હતી.

ચિઠ્ઠી ઉપાડી જે તે વિષય ઉપર તરત જ પોતાના વિચારો રજૂ કરવાની આ સ્પર્ધામાં સ્પર્ધકોએ પ્રદૂષણ અટકાવવાના ઉપાયો, બાળ મજૂરી, મોંઘવારી, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું મહત્વ, લંડન ઓલિમ્પિક, માનસિક તણાવ અને તેની મુક્તિના ઉપાયો તેમજ શિક્ષણ ક્ષેત્રે સંચાર માધ્યમોનો પ્રભાવ જેવા વિષયો ઉપર તાલીમાર્થીઓએ પોતાના મુક્ત વિચારો પ્રગટ કર્યા હતા. સમગ્ર સ્પર્ધામાં પ્રથમ નંબરે યોગીની પટેલ, દ્વિતીય નંબરે મલર અને તૃતીય નંબરે વૈશાલી રાવલ વિજેતા થયા હતા. વિજેતા સ્પર્ધકોને કોલેજ પરિવારે અભિનંદન આપ્યા હતા. સમગ્ર સ્પર્ધામાં નિર્ણાયક તરીકે તટસ્થ કામગીરી કમલકાંત તિવારી અને હંસરાજસિંહે સંભાળી હતી. સ્પર્ધાનું સંચાલન સંતોષ ગોંદકરે સફળ રીતે કર્યું હતું. કોલેજના એચ.ઓ.ડી. ડૉ. કુસુમ યાદવે પ્રશિક્ષણાર્થીઓની શીઘ્ર વક્તૃત્વ શક્તિને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# સંસ્કાર ગૃપ પર્યાવરણલક્ષી પ્રવૃત્તિ પર વધુ ધ્યાન આપશે

ગાંધીનગર, તા. ૩૧

સંસ્કાર ગ્રુપ દ્વારા તાજેતરમાં એક સામાન્ય બેઠક યોજાઈ હતી. જેમાં પર્યાવરણ લક્ષી પ્રવૃત્તી ઉપર વધુ ભાર આપવામાં આવેલો. બાળકો અને યુવાનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને રક્ષાબંધન પર્વના ભાગરૂપે વૃક્ષોને રાખડી બાંધી હતી. તેને જળ સિંચન કરાવ્યુ અને બધાએ પ્રતિજ્ઞા લીધી હતી. વૃક્ષોનું જતન કરીશું. ભાઈ અને બહેનનો જે રક્ષાનો સંબંધ અને રક્ષા કરવાની ભાઈની ફરજ બને છે. જેની રક્ષા કરવાની છે. જેઓ કોઈપણ આશા વગર સેવા કરે છે. જીવન જરૂરીયાત ઉપયોગી આપે છે. ત્યાગની ભાવના છે. તો શું



આપણી સૌની ફરજ નથી કે એક વૃક્ષની રક્ષા કરવી દરેક વ્યક્તિની ફરજ નથી?


ગાંધીનગર નેચર કલબ દ્વારા દર વર્ષની જેમ વૃક્ષને રક્ષાની રાખડી બાંધી એક નાનકડું સુંદર કાર્ય કરેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા યુવાન ગ્રુપમાં ભરવાડ આનંદ, પરમાર સંજય, ઉજ્જેનીયા ધવલ, શાન પટેલ અને બાળ સભ્યોમાં વિશ્વ મેવાડા, રાજ સોલંકી વગેરેએ ખુબ તન-મન-ધનથી વૃક્ષની સેવાનું કાર્ય પૂર્ણ કર્યું છે.

ત્યારબાદ સઘળાં બાળકોએ ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં સારો વરસાદ પડે તે હેતુથી વરૂણદેવને દિલથી પ્રાર્થના કરી હતી.

## જીવન ચિંતન

- લક્ષ્મી વાધવાણી

# શિક્ષણ અને સમજ એકબીજાના વિરોધી ?



એક અનુભવ કદાચ આપણા સૌનો હશે. આપણી આસપાસ એવી કેટલીયે વ્યક્તિઓ આપણને જોવા મળશે કે જેનું ભણતર નહિવત્ હોય પણ એની સમજનો વ્યાપ અને ઊંડાણ દરિયા જેટલા હશે. આજુબાજુ પણ આ મુદ્દે નજર નાખવાની જરૂર નથી. આપણા ઘરથી જ શરૂાત કરીએ ને? આપણા ઘરના વડીલો બહુ ઓછું ભણ્યા હશે પણ એમની કોઠાસૂઝ એવી હશે કે ભલભલી ડિગ્રી મેળવનાર (આપણા જેવા) પણ આશ્ચર્યચકિત થઈ જાય. આ મુદ્દે ધ્રુવ ભટ્ટની નવલકથાઓ વિશે વાત કરવી પ્રસ્તુત થઈ રહેશે.

ધ્રુવ ભટ્ટની નવલકથાઓ ખાસ કરીને 'સમુદ્રાંતિકે' અને 'તત્ત્વમસિ' નવલકથાના નાયકો ભણેલા-ગણેલા છે અને એવા પ્રદેશમાં આવી ચડે છે કે પહેલી જનરે તો એ પ્રદેશથી નફરત થાય અને ત્યાંથી ભાગી છૂટવાનું પણ મન થાય! પરંતુ બંને નવલકથાના નાયકો જેમ જેમ જે તે સ્થળના વાતાવરણ અને ખાસ કરીને લોકોના સંપર્કમાં આવતા જાય છે તેમ તેમ પેલા ભાગી છૂટવાના વિચારોમાં પરિવર્તન આવતું જાય છે અને નવલકથાના અંતે તો સમૂળગું પરિવર્તન આવી જાય છે. મારે અહીં વાત ખાસ 'તત્ત્વમસિ' નવલકથાના સંદર્ભમાં કરવી છે.

મૂળ ભારતીય એવો નાયક અઢાર વર્ષ અમેરિકા રહ્યો છે અને પોતાના પ્રૉફેસરના આગ્રહથી સંશોધન કાર્ય કરવા માટે ભારતના નર્મદા નદીના કિનારે આવે છે. એ આવે છે ત્યારે ભારત વિશે કેટલાયે પૂર્વગ્રહો લઈને આવે છે. પણ અહીંના લોકોને મળે છે, અહીંની આદિવાસી પ્રજાના સંપર્કમાં આવે છે, અહીંની સંસ્કૃતિનો પરિચય પામે છે અને એના પૂર્વગ્રહોની જમી ગયેલી ધૂળ સાફ થવા લાગે છે.

એ જે લોકોને મળે છે એમાં ભાગ્યે જ કોઈ વિદ્વાન કે ભણેલો-ગણેલો માણસ હશે છતાં આ સંશોધન કરવા આવેલા નાયકનું વિચાર પરિવર્તન થઈ જાય છે. આમ તો નાયક અહમ્ સાથે આવ્યો હતો કે આ આદિવાસી ગમાર પ્રજા પોતાને શું શીખવશે? ઉલ્ટાનું એ આદિવાસીઓને રીતભાત, ચાલ-ચલગત શીખવશે. પણ બિલકુલ વિપરીત થાય છે અને નવલકથાના અંતે નાયકનો સમગ્ર અહમ્ ઓગળી જાય છે. જે શિક્ષણ અહમ્ ઓગાળવાની પ્રક્રિયા નથી શીખવતું એ શિક્ષણ ખરું?

શિક્ષણથી ઉપર પણ એક મહત્ત્વની બાબત છે: અનુભવ. જાત અનુભવ મોટો શિક્ષક કહેવાય છે. પણ આપણે આપણા અનુભવ જગતને દિવસે ને દિવસે સાંકડું કરતા જઈએ છીએ. આપણને હવે પદવી કેન્દ્રી શિક્ષણ વ્યવસ્થામાં જ રસ રહ્યો છે. (પદવી કેન્દ્રી શિક્ષણનો જરા પણ વાંધો નથી પણ એ સમજ ન કેળવે ત્યારે પ્રશ્ન થાય છે.) બજારમાં બદવીનું મૂલ્ય છે, સમજનું મૂલ્ય છે કે કેમ? પદવી સાથે સમજનું મૂલ્ય પણ અંકાવું જોઈએ અને એ જ્યાં સુધી ન અંકાય ત્યાં સુધી આવી પદવી મેળવવી એ એક ઉદ્યોગ બની રહી જાય છે.

કેટલીક વ્યક્તિઓમાં આપમેળે કોઠાસૂઝ જોવા મળતી હોય છે. જગતનો ઈતિહાસ કે આપણી આસપાસ જે વ્યક્તિઓ સફળ થઈ છે એમની વિગતો તપાસીશું તો ભાગ્યે જ એમાંથી કોઈ વિદ્વાન નીકળશે. આ બધી જ વ્યક્તિઓએ કોઠાસૂઝથી, સંઘર્ષથી અને જાત અનુભવથી પોતાની સફળતાની ઈમારત ચણી હોય છે. એના પાયામાં ઉચ્ચ શિક્ષણ તો ભાગ્યે જ જોવા મળશે. રખે, કોઈ એમ માની લે કે અહીં ઉચ્ચ શિક્ષણનો વિરોધ કરવામાં આવી રહ્યો છે પણ એ ઉચ્ચ શિક્ષણ મેળવવાની સાથે સાથે જે સમજનો વિકાસ થવો જોઈએ એ થાય છે કે કેમ?

આજે આપણી આસપાસ જે કંઈ પણ બની રહ્યું છે એ જોતાં શિક્ષણ અને સમજ એકબીજાના વિરોધી હોય એવું લાગે છે. શિક્ષણ વધતું જાય છે પણ એની ગુણવત્તા? વિકાસ થતો જાય છે, ફાઈવસ્ટાર કહી શકાય એવાં સંકુલો અને કૉલેજો ખૂલે છે, શિક્ષણની ભૂખ વધતી જાય છે. એવું પણ કહેવાય છે. પણ આ બધામાં સમજ? સમજ દિવસે ને દિવસે અદ્રશ્ય થતી જાય છે. (સમજ કેળવવા અલગથી વર્ગો ચલાવવા પડે એવા દિવસો આવ્યા છે, ભાઈ!) આપણે પદવી કેન્દ્રી શિક્ષણની સાથે સાથે થોડા સમજના ઈન્જેક્શન પણ લઈએ તો આસામ જેવી દુર્ઘટનાઓ બનતી અટકશે!

# ભારતીય લલિતકલામાં સંગીત એ સર્વશ્રેષ્ઠ કલા છે

ભારતીય લલિતકલાઓમાં પાંચ લલિતકલાને સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. લલિતકલા અર્થાત્ દરેક પરિસ્થિતિઓમાં નિત નવું હોય તે. કલા ફક્ત એક જ બીબામાં રહે ત્યારે તે લલિતકલા નથી. પરંતુ સમાજ, સંસ્કૃતિ તથા સમયની સાથે કલામાં પરિવર્તન આવે ત્યારે તે નિત નવી કલા અર્થાત્ લલિતકલા કહેવાય છે. જે કલા સમયની સાથે સાથે આગવી વિશિષ્ટતાઓ તથા પારંપારિક નિયમોના પાલન સાથે પોતાનું સૌંદર્ય જાળવીને પોતાની એક વિશિષ્ટ ઉપજ ઊભી કરી સમાજ, દેશ, સંસ્કૃતિ તથા જે તે પ્રદેશની આગવી ઓળખ સાથે પ્રસ્તુત થાય તેને લલિતકલા કહેવામાં આવે છે. લલિતકલા મુખ્ય પાંચ પ્રકારની છે.

૧. સંગીત કલા
૨. સાહિત્ય કલા (ગદ્ય-પદ્ય)
૩. ચિત્ર કલા
૪. મૂર્તિ કલા
૫. વાસ્તુ કલા



આ પાંચે કલામાં સંગીત કલાને સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. કારણ કે સંગીત સિવાય બાકીની ચાર કલાઓમાં કૃત્રિમ પદાર્થોનો ઉપયોગ કરવો પડે છે. જ્યારે સંગીત કલા માનવ શરીરમાં કંઠસ્થિત છે તથા સંગીત કલા દ્દશ્ય અને શ્રાવ્ય બંને પ્રકારોનું પ્રતિનિધિત્વ કરે છે. વાસ્તવમાં કલા દ્વારા અલૌકિક આનંદની અનુભૂતિ થાય છે. આપણે આ પાંચે લલિતકલાનાં બાહ્ય આવરણને હટાવી લઈએ તો આપણને પ્રત્યેક કલાનું સ્વરૂપ એકસરખું પ્રાપ્ત થશે. રસાનુભૂતિ એ દરેક લલિતકલાનો ગુણ છે. પરંતુ સંગીતમાં કાંઈક વિશિષ્ટ ગુણ રહેલો છે. જે કેવળ સુંદર જ નહિ પરંતુ કાનને આનંદ અને પ્રેરણા પ્રદાન કરવાવાળી ઉચ્ચ કોટિની કલા છે. સંગીત એ એક ઈશ્વરીય દેન છે. લલિતકલામાં સંગીત સર્વશ્રેષ્ઠ કલા છે તે બાબતનાં પ્રમાણ આપતાં વિદ્વાનો કહે છે કે,

## સંગીત દર્શન

- ડો. ગૌરાંગ ભાવસાર

સૂક્ષ્મ સાધના : જે કલામાં મૂર્ત સાધનોનો અંશ જેટલો ઓછો થાય તે કલા તેટલી જ વધારે શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ દૃષ્ટિથી જોઈએ તો વાસ્તુ, મૂર્તિ, ચિત્ર આ કલાઓમાં ભૌતિક સાધનો જરૂરી છે. કાવ્ય કલામાં ભૌતિકતાનો અંશ નહિવત્ છે. પરંતુ સંગીતની પાસે ફક્ત સ્વર છે અને તે પણ અમૂર્ત. કવિ, વાસ્તુકાર, શિલ્પકાર માટે તો પ્રકૃતિનો વિશાળ ભંડાર છે. પરંતુ સંગીતકલા પોતાની જ લાક્ષણિકતા પર ઊભી રહીને પોતાનું સ્વરૂપ પ્રસ્થાપિત કરે છે. સંગીતની અભિવ્યક્તિનું માધ્યમ સ્વર અને લય છે. જેનો સાંસારિક વસ્તુથી કોઈપણ પ્રકારનો સંબંધ નથી.

પ્રભાવ : બધી કલાઓમાં કાવ્યનો વધારે પ્રભાવ પડે છે. કાવ્યથી પણ વધારે પ્રભાવશાળી સંગીત કલા છે. કારણ કે કાવ્યથી વ્યક્તિ પર પ્રભાવ પડે છે. પરંતુ જે ભાષાથી અનભિજ્ઞ હોય તેનો તે વ્યક્તિ પર શો પ્રભાવ પડશે? કાવ્યનું માધ્યમ શબ્દ છે. જ્યારે સંગીતનું માધ્યમ સ્વર અને લય જે સૂક્ષ્મ હોવા છતાં પ્રચંડ શક્તિમાન છે.

આધ્યાત્મિક આનંદની પ્રાપ્તિ : મહર્ષિ અરવિંદના શબ્દોમાં સંગીત મૂલતઃ એક ધાર્મિક તથા આધ્યાત્મિક કલા છે. જેના પથ પર ચાલીને આપણું લક્ષ્ય પરમ તત્ત્વ સુધી પહોંચવાનુંછે. અન્ય કલા સંગીતના આ ગુણોની સમકક્ષતા કેળવી શકતી નથી. સંગીત અને કલા વિશે ઘણું લખી શકાય તેમ છે.


સર્વાધિક લલિતકલા સંગીત : જે કલા આનંદ અને સૌંદર્ય પ્રદાન કરે તે લલિતકલા. આ ગુણને ધ્યાનમાં લેવાથી માલૂમ થાય છે કે સંગીત આ ગુણમાં પણ સૌથી આગળ છે. આ સંદર્ભમાં કાવ્ય કલા પણ આવે છે. પરંતુ સંગીત મનુષ્યને જ નહીં, પશુ-પક્ષીઓને પણ આનંદવિભોર કરી દે છે. આ દૃષ્ટિએ કહી શકાય કે, Music is the universal language of mankind

આ દૃષ્ટિથી પણ અન્ય કલાઓ સંગીતથી પાછળ છે. સંગીતથી દરેક પ્રકારની અભિવ્યક્તિ થઈ શકે છે. કોઈકના ગળામાંથી કે વાદ્યમાંથી દર્દભર્યા સ્વર નીકળવા લાગે છે ત્યારે વિશ્વનો ખૂણેખૂણો તેને સમજી શકે છે કે ત્યાં કાંઈક દુખદ છે. વિદ્વાનો કહે છે કે સંગીતનો સીધો પ્રભાવ હૃદય પર પડે છે. કેવળ સંગીત જ એક એવી કલા છે જે શ્રોતાઓથી વધારે નજીક અને સીધો સંબંધ રાખે છે તથા તેના માટે કોઈપણ માધ્યમની જરૂર નથી.

કલાના બે પ્રકાર પડે છે :

૧. દશ્ય કલા જેમાં શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર અને સંગીતનો સમાવેશ થાય છે. ૨. શ્રાવ્ય કલા જેમાં સાહિત્ય અને સંગીતનો સમાવેશ થાય છે.

દશ્ય કલા કરતાં શ્રાવ્ય કલા આર્થાત સંગીત અને સાહિત્ય કલા આપણી ભાવનાઓને હૃદય સુધી સ્પર્શી જવાની શક્તિ ધરાવે છે. સંગીત કલાને વૈજ્ઞાનિક દૃષ્ટિથી જોઈએ તો સંગીતનું માધ્યમ સ્વર છે અને સ્વર નિમયિત આંદોલન સંખ્યાઓથી ઉત્પન્ન થતો ધ્વનિ છે. જ્યારે આ નિયમિત આંદોલન સંખ્યા વાયુના માધ્યમ દ્વારા જ્યાં જ્યાં સ્પર્શ કરતો જાય છે ત્યાં ત્યાં પોતાના



નિયમિત ધ્વનિ તરંગોનો પ્રભાવ છોડતો જાય છે. પરિણામ સ્વરૂપ ત્યાં અનિયમિત ધ્વનિનો પ્રભાવ ઓછો થતો જાય છે. સંગીત કલા દ્વારા ભાવનાઓને વિચિત્ર રૂપથી પ્રભાવિત કરવાનું એક કારણ એ પણ છે કે આ સંસાર પાંચ તત્ત્વોનો બનેલો છે. આ પાંચ તત્ત્વોમાં આકાશતત્ત્વ સર્વવ્યાપ્ત છે. આકાશનો ગુણ 'શબ્દ' છે. શબ્દ ધ્વનિ અને અસરથી બનેલો છે. અસરો દ્વારા બનેલો શબ્દ અને ધ્વનિરૂપી શબ્દ બંને પ્રકારોના શબ્દો આવે છે. આમાં અસરો દ્વારા બનેલા શબ્દોનો અર્થ જ્યાં સુધી સમજી શકીએ નહિ ત્યાં સુધી તેમાં આનંદ નહિ આવે પરંતુ ધ્વનિરૂપી શબ્દને જો સંગીત દ્વારા વ્યક્ત કરીએ તો આનંદ લેવા માટે તેનો અર્થ સમજવો આવશ્યક નથી. જગતમાં શબ્દ દ્વારા બધી અભિવ્યક્તિ થઈ શકે છે. પરંતુ જ્યારે શબ્દ મૂક થઈ જાય છે ત્યારે સંગીત દ્વારા અભિવ્યક્તિ થઈ શકે છે. સંગીત ભાષાના બંધનથી મુક્ત છે તેથી તે વિશ્વવ્યાપી કલા છે. રવિન્દ્રનાથ ટાગોર કહે છે કે જ્યાં અભિવ્યંજનામાં કાવ્ય છે, ત્યાં સંગીતનાં પ્રથમ પગથિયાંની શરૂઆત થાય છે. જ્યાં શબ્દમયી લૌકિક ભાષાની ગતિ મૂર્ત થાય છે ત્યાં સંગીતની દિવ્ય ભાષાનો પ્રારંભ થાય છે. ત્યાં સંગીત સ્ફૂરી ઊઠે છે. સંગીત શબ્દોથી દૂર થઈને સ્વરોથી કામ લે છે. સ્વરોની ભાષા સાર્વભૌમ છે. સંગીતની ભાષા સ્વર છે અને સ્વર માનવ માત્રની માતૃભાષા છે. માટે તમામ સુકુમાર કલામાં સંગીત સર્વશ્રેષ્ઠ કલા છે.